## છઠ્ઠું અઠવાડિયું

| ૧ | પ્રવૃત્તિ : સાચું શું? ता. | જોડીકાર્ય |
|---|---|---|

- સાચું શું? વિચારીને સામે '✓' કરો.
- વર્ગમાં રજૂ કરો.

(૧) **તમારા પૈસા તો દૂધે ધોયેલા છે.**

- ○ લાખો તેના પૈસાને રોજ દૂધથી ધોતો હશે. ☐
- ○ વાણિયાએ લાખાને દૂધથી ધોયેલા પૈસા આપ્યા હશે. ☐
- ○ વાણિયાને લાખો પૈસા પાછા આપશે જ એવો વિશ્વાસ છે. ☑

(૨) **શેઠને ઘેર એક રાતે ખાતર પડયું.**

- ○ શેઠના ઘેર છાપરે મૂકેલું ખાતર રાત્રે નીચે પડી ગયું હશે. ☐
- ○ શેઠના ઘરે રાત્રે ચોરી થઈ હશે. ☑
- ○ શેઠના ઘરે રાત્રે આકાશમાંથી ખાતરનો વરસાદ પડયો હશે. ☐

(૩) **કૂતરાએ મારી શાખ ઉપર પાણી ફેરવ્યું.**

- ○ કૂતરાએ લાખાની આબરૂ કાઢી હશે. ☑
- ○ કૂતરાએ લાખાની શાખ ઉપર ડોલ ભરીને પાણી ઢોળ્યું હશે. ☐
- ○ કૂતરાએ લાખાની શાખ ઉપર પાણીનો છંટકાવ કર્યો હશે. ☐

(૪) **લાખાએ ડાઘિયાને આંખ બતાવી.**

- ○ લાખાએ કાળા ચશ્માં ઉતારીને ડાઘિયાને પોતાની આંખ બતાવી હશે. ☐
- ○ લાખાએ ડાઘિયા પાસે આંખની તપાસ કરાવી હશે. ☐
- ○ લાખાએ ડોળા કાઢી ડાઘિયા પર ગુસ્સો કર્યો હશે. ☑



Scanned by CamScanner

| ૨ | **પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- નીચેના પ્રશ્નોના સાચા જવાબો શોધો.
- શિક્ષક કહે ત્યારે વર્ગમાં રજૂ કરો.

હું જ્યાં ઊભો છું ત્યાંથી ૧૦૦ ડગલાં દક્ષિણ દિશામાં ચાલુ છું. ત્યાર બાદ ઉત્તર દિશા તરફ ૪૦ ડગલાં ચાલું છું. તો .....

૧. હું કુલ કેટલાં ડગલાં ચાલ્યો, એ શોધવા શું કરવું પડે?

✓(અ) સરવાળો (બ) બાદબાકી

૨. ૧૪૦ ડગલાં ચાલ્યા બાદ હું મારી મૂળ જગ્યાએથી કેટલો દૂર છું ?

(અ) ૧૪૦ ડગલાં (બ) ૪૦ ડગલાં ✓(ક) ૬૦ ડગલાં

૩. ઉત્તર દિશામાંથી દક્ષિણ દિશાએ ૪૦ ડગલાં ચાલું તો, મૂળ જગ્યાએથી કેટલો દૂર છું?

(અ) ૬૦ ડગલાં ✓(બ) ૧૦૦ ડગલાં (ડ) ૧૪૦ ડગલાં

| ૩ | **પ્રવૃત્તિ : બર્થ ડે કાર્ડ** **તા.** | **જૂથકાર્ય** |
|---|---|---|

- તમારી મમ્મી માટે જન્મદિવસનું નીચેનું કાર્ડ સજાવો. રંગ પૂરો.
- નીચે આપેલી ખાલી જગ્યામાં મમ્મી વિશે વાક્યો લખો.
- તમારાં મમ્મીને તૈયાર કરેલું એ કાર્ડ બતાવો અને વંચાવો.






Scanned by CamScanner

| ૪ | **પ્રવૃત્તિ : જોડકું** તા. | જોડીકાર્ય |
|---|---|---|

- 'અ' વિભાગમાં આપેલ યાદીમાં 'બ' વિભાગમાંથી ઉમેરી શકાય તેવું યોગ્ય નામ પસંદ કરીને જોડકું જોડો.
- તમારો જવાબ વર્ગમાં રજૂ કરો.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | ગુલાબ, મોગરો, સૂર્યમુખી | • | મગ |
| ૨ | તલ, નાળિયેરી, મગફળી | • | ચીકુ |
| ૩ | રીંગણ, બટાકા, કારેલાં | • | જાસૂદ |
| ૪ | તુવેર, ચોળા, ચણા | • | દૂધી |
| ૫ | મોસંબી, બોર, જામફળ | • | દિવેલા |

| ૫ | **પ્રવૃત્તિ : ઝટપટ બોલું પટપટ** તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- નીચે આપેલા શબ્દો વાંચી તરત જ તેના વિશે ત્રણથી ચાર વાક્યો બોલો.
  - મારું ઓશીકું મારું ઓશીકું ગોળ છે.
  - નાનકડું ગલૂડિયું કૂતરાને નાનકડું ગલૂડિયું છે.
  - ચીં ચીં કરતી ચકલી સવારે ચીંચીં કરતી ચકલી બોલે છે.
  - મને ભાવે કેરી મને કેરી ભાવે છે.

| ૬ | **પ્રવૃત્તિ : વાક્ય બનાવો** તા. | જૂથકાર્ય |
|---|---|---|

- યોગ્ય જોડકાં જોડો અને ચર્ચા કરી બંને શબ્દના ઉપયોગથી વાક્યો બનાવો અને વર્ગમાં રજૂ કરો.

ઉદાહરણ:- ફૂલ – મોગરો :મને મોગરાનું ફૂલ સૂંઘવું ગમે છે.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | અનાજ | • | ફૂલાવર |
| ૨ | કઠોળ | • | દાડમ |
| ૩ | શાકભાજી | • | મકાઈ |
| ૪ | ફૂલ | • | અડદ |
| ૫ | ફળ | • | મોગરો |

5



Scanned by CamScanner

| ૭ | **પ્રવૃત્તિ : શબ્દસાંકળ** તા. | જોડીકાર્ય |
|---|---|---|

• એક શબ્દ આપેલ છે. તેના અંતિમ અક્ષરથી શરૂ થતો બીજો શબ્દ લખો તે જ પ્રમાણે દરેક નવા શબ્દના અંતિમ અક્ષરથી નવો શબ્દ બનાવી નમૂના પ્રમાણે શબ્દસાંકળ બનાવો.




| ૮ | **પ્રવૃત્તિ : ગોટાળો** તા. | જોડીકાર્ય |
|---|---|---|

• અહીં ફકરામાં કેટલાક શબ્દો લખવામાં ગોટાળો થઈ ગયો છે. એ ગોટાળો ગુજરાતીના પાઠના-૧૧ 'ઊંટ અને ફકીર'ના આધારે શોધી કાઢો અને ગોટાળાવાળા શબ્દો ફરતે ◯ કરો.

એક ફકીર નવડવ ગામમાંથી પસાર થતા હતા. સેવામાં એક વેપારી તેને સામો પડ્યો. તેણે પૂછ્યું, ફકીરબાબા, તમે માટલામાં ક્યાંય ઊંટ જતું જોયું. ફકીરે સહ્યું, "તેની રમણી પાંખ ફૂટેલી છે?, તે ડાબે પગે બોડું છે? તેનો આગલો દાંત સડી ગયો છે? તેની એક બાજુએ મધ તથા બીજી બાજુએ ઘઉંના થેલા લટકાવ્યા છે?"



Scanned by CamScanner